ૐ

સ્વરાજ્યની ઉતપતિ

રચી છપાવી પ્રસીદ્ધ કરનાર

શ્રીઆ પટેલ છોટાલાલ ભગવા-

મુઃ નડીઆદ.

સંવત ૧૯૭૮

ચોપડી છાપતાં પહેલાં મારાં

અગર છપા

દાહ્ગે

વાંચી બંધુઓ ! ખૂી

દેશ ઉતપાત :

સ્થિતિ જુવો

આનો રાખરે

ગં

પ્રભુ પ્રાર્થના.

નવજીવન—શ્રીવર નટવર નાગર, મુરલીધર માધવ
સુખદસાગ કરતું વાર,... ... ...શ્રીવર.
તું દયાલ તુ કીરતાર નમીએ શ્રી લક્ષ્મીવર
શુભ મતી અમોને આપ જપીએ જાપ હે રઘુવર
જગના પાલક સહુના સાયક ... ... શ્રીવર.

ભાષણ

નવજીવન—મારા બારત મીત્રો આપને વીનંતી પુરવક કહું છુ કે,
આપણા માથે સરકારી જુલમ તથા આપણા દેશ
અન્યાય ચાલે છે તે આપણા હાથે
ટે મહેનત કરવી જોઇએ.
ઉજી હા ! એ બધુ અમો જાણીએ છીએ અને
જ્ઞા પુર્વક કહીએ છીએ કે, અમારા હીંદના
ધારા માટે જેલ ભોગવનારને માટે
વસ્ત્રો અંગ ઉપર ધારણ કરીશુ
બળીદાન આપીશું.
ન કુમારો તમોને ધન્ય છે.

પા દેશ ઉદ્ધારશું.
જીવીશું.
ભારતને ઉગારશું.
અમોને ઉગારશે.

નવજીવન—જાવ ભારત કુમાર જાવ વાર ન કરો તમારૂ હીત રેંટી-
આમાં સમાયેલુ છે માટે આ ચરખાથી તમારો ઉદ્ધાર
કરો તમારા નામ અમર કરો હું જાવું છું.

કરાઓ—ધન્ય તે સ્વદેશીઓને જગમાં કીર્તિ તેમણે કીધી
જગમાં કીર્તિ તેમણે કીધી શાબાશી જગની લીધી
એવા વીરલા બહુ થાજો એ ભાઇઓની અરજી
દુનીયામાં તમો પ્રેમ રાખો સરસ્વતીની વાણી સીદ્ધી
પુન્ય ભક્તિનો મારગ એ પ્રભુની છે અરજી
અભીમાનમાં કંઇક કમાયા એ ગાંધીજીની વીનંતી

શ્રી ૧.

શ્રી ગણેશાય નમઃ

ધીરો ધીરો ચાલેરે સર્વેને મીઠો લાગેરે, પ્રીય મારો રેંટીઓ હોજી;
એ તો રૂડો કામણગારોરે, આફતને દુર કરનારોરે,
પ્રીય મારો રેંટીઓ હોજી.

સાખી.

બનાવ્યો લાકડાનો રેંટીઓ, વાપરજો સૌ દેશ;
સ્વરાજ મેળવનાર છે, ફરમાવજો સૌ દેશ,
કષ્ટોને દુર કરનારોરે, સ્વરાજ લાવનારોરે પ્રીય મારો.

સાખી.

અસંખ્ય રૂડા રેંટીઆ, ટાળે તમારૂં દુઃખ,
એકજ બીંદુ રેંટીઆનું, લાવે તમારૂં સુખ
સરકારને દુઃખ કરનારોરે, અમોને સુખ મેળવનારોરે પ્રીય મારો.

સાખી.

ધન્ય ધન્ય ખાદી તારને, લીધો ગરીબે વેશ
ગાંધીજીનાં વચન સુણી, પેરજો ખાદી એજ
સ્વરાજને માટે મરવુંરે, દુઃખ આવે તે સહુરે, પ્રીય મારા.

સાખી.

પાછો મુકેલો રેટીઓ, ઉપયોગ કરોને આજ
હીત એમાં તમારૂં છે, બારાનું પાસે કલ્યાણ
ગુરૂજીએ ચાલુ કરેલો રે, દેશમાં જાગ્રત થયેલોરે પ્રીય મારો.

ગાયન ૨ જુ.

આવો આવો આમ હે બાળકો તમામ, સત્યાગ્રહ કરવાને ધરો મોટી હામ,
જાવો જાવો જાવ હે બાળકો તમામ, શુદ્ધ સ્વદેશી વેશ ધરોને હામ.
જો જો પેલો સત્યાગ્રહના દીવસ ચાલ્યા જાય,
સ્વદેશના ઉદ્ધારણ કારણ નાસો પાછા આજ. આવો.
ગાંધીજીને મુક્ત કરવા ધરો મોટી હામ,
દોડો દોડો ભાઇઓ સર્વે અમર કરવા નામ. આવો.
માટે બંધુ વાર ના કરો ધરો મોટી હામ. આવો.
રૈયત અરજી પ્રભુની મરજી એજ મારી લાજ,
અદલ ઇન્સાફ કરવા માટે ગાંધી લીડે હામ. આવો.

ભાષણ.

ઓ મારા દેશ બંધુઓ ! આપણા શરીરમાં રક્તનો વાસ છે તો અદલ ઇન્સાફ મેળવવો એમાંજ આપણું શ્રેય સમાયલું છે.

ગાયન ૩ જું.

અમારાં ન્યાય નીતિ નીશાન, અહીંસા સત્ય ધનુષને બા
ધરીયે હીંદુ મુસલમાન, અમારાં ન્યાય નીતિ નીશાન;
ધીય ધર્મની ઢાલ ગ્રહીએ. આત્માબળ હથીઆર,
આખા દેશના ઉદ્ધારણ કારણ, સત્યાગ્રહ તૈયાર
કરો તમે અસહકાર તૈયાર,
ભલે ઘર જાય, ભલે જીવ જાય, તેની નહી પરવા. અમારા

ગાયન ૪ થું.

ગાં. તુ તારાં વચનો સારાં સુહે સાંભળતાં,
શાન્તિ પામ્યાં છે હૃદય અમારાંરે. ગાંધી.
સરકારના દુઃખમાંથી, ભારતને બચાવોજી,
ધન્ય ગુરૂ ગાંધીજીનો ઉપકાર માનુંરે. ગાંધી.
નીત્ય ભક્તિ સ્વરાજ કેરી, કરતાં હમેશાંજી,
ગાંધીજીને સહાય કરજો પ્રભુજી મોરારીરે. ગાંધી.
ભારતનું કલ્યાણ કરવા, દુઃખ વેઠો છો.રે.
સ્વદેશનો ઉદ્ધાર કરવા થાઓ સહુ તૈયારરે. ગાંધી.

ગાયન ૫ મું.

ધન્ય ધન્ય ગાંધી મહાત્મા, આશા તમારી બળવીર,
કર્મવીર તમે ભારતનું, જાતું રાખ્યું નીર.
મુક્ત કરો ઝટ દેશની, સત્ય સીંધુ મહાવીર,
ગાંધી—જાવો સીધાવો સુખે બાંધવો, ' રજો ખાદી શુદ્ધ,
શીવર કરશે સૌંય સર્વને, રાખો શરણે થીર.

તેજ અમારી માતૃભુમિ, કરશું સત્યાગ્રહ વેશ,
ભારતનો ઉદ્ધાર કરવા, ગાંધીએ લીધો ગરીબ વેશ. ધ્રુ. પ.

ગાયન ૬ ઠું.

રાગ ગઝલ.

અતી અળખામણી આજે બીચારી હીંદની બાળા,
અતી દુઃખ અગ્નીમાં દાઝે, બીચારી હીંદની બાળા.
પુરા પ્રેમન પોસાયે, " "
ઉગે ત્યાંથીજ રીબાયે, " "
ગજબ એવા ઘણા સાંખે " "
ગઝબ એવા " "
દુઃખી દેખો ભરી આંખે " "
ભલી વીઘા ભણે કયાંથી " "
સુણે અપશબ્દ ઘરમાંથી " "
કુવો વાવ કઇક પૂરે " "
કજોડાં કષ્ટથી ઝુરે " "
કુસંગે કંઇક દોરાએ " "
થઇ નિરૂપાય નિંદાયે " "
કપાતી ગાય ઉગારો " "
દયા તેની દીસે ધારો " "
સહે છે માન સ્વીકારી " "
કહે કવીરાજ પોકારી દુઃખી છે હીંદની બાળા.

ગાયન ૭ મું.

રાગ ગજલ.

અમારી માતૃભૂમીને, હવે છોડી અમો જાશું,
રખડશું રાનમાં મળશે, ફળો ખુશ થાઈને ખાશું.
સ્વદેશી ગીતડાં ગંભીરતાથી, તાનમાં ગાશું,
પ્રખ્યાત વીરો તણાં, જીવન ચરીત્રો સંભારીને ખુશી થાશું.
અમારા દેશને માટે, સંકટોથી પાછા નહિ હઠશું,
પ્રાણની કરશું, સુખેથી સ્વર્ગમાં જાશું.
અમારા માતા પીતાના, ઉદ્‌ગાર સર્વ સાંભરશું,
છેવટે પ્રભુ પ્રાર્થના કરીને, અમારી મુક્તિ મેળવશું.

ગાયન ૮ મું.

રાગ ગજલ. (મુસલમાનને ગાયનની વિનંતી)

નથી દીધાં દુઃખો તમને, ત્રાસેન તમને બાળ્યાં છે;
અમારા બાળકના હક કઇ, તમારાં બાળ પાળ્યાં છે.
અમારા દેહના દેવત, નીચોવી તમને આપ્યાં છે,
ફરાંવી પાન બાળકોને, જીવન તમને સમર્પ્યાં જે.
અરે ઓ હિન્દના વાસી, શું બદલો એહ આપો છો,
બનાવી ચર્મના જોડા, છરાથી ગળાં કાપો છો.
દીધી મને કસાઇને ઘેર, ચલાવી લોહીની નદીઓ,
અરે ઓ હિંદના વાસી ધીક્કાર છે તમોને ભાઇઓ.

છપાય છે   છપાય છે   છપાય છે

ટુંક સમયમાં બહાર પડશે.

દેશના બેહાલ

એ નામની ચોપડીની અંદર દેશી બંધુ ઉપર જે જે દુઃખો આવી પડેલાં અને જેલમાં દુઃખ કેવી રીતનું આપેલુ અને કેવી રીતેના ઉદ્ધાર તેમનો થાય છે. દારૂ પીનારના શા હાલ થાય છે વીગેરે વીગેરે મનને આનંદ વધારશે માટે જલદી નામ નંધાવશો. અગાઉ ગ્રાહકોને માટે ૩ આના રાખવામાં આવેલ છે. પાછળથી ૪ આના.

કા. છોટાલાલ ભગવાન જ.

ઠે. પીપળી ફળીયું, અમદાવાદી બજાર,—નડીઆદ.

માલેકના બે બોલ.

મારા ભારત મિત્રો ! જેવી રીતે અમો દેશ ઉતપતિ નામની ચોપડી પહેલ વહેલી બહાર પાડી છે, માટે ભાઇઓ ! જે ભુલ ચુક હોય તો માફ કરશો બીજું થોડા દિવસમાં અમારી બીજી કલમથી લખાયેલી “ દેશના બેહાલ ” નામની ચોપડી ટુંક મુદતમાં બહાર પડશે. માટે ભાઇઓ, જેને મંગાવવી હોય તો નીચેના શીરનામે આના ૧॥ ની ટીકીટ બીડવી. એટલી મારી આશા છે.

કા પટેલ છોટાલાલ ભગવાન.

મોટી કાછીઆ વાડ, અમદાવાદી બજાર,

મુ નડીઆદ.